## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સરકાર આપણી આવકને પણ ટેક્ષેબલ કરી દે તો બંનેને ફાયદો જ છે...

# રીજનલ ફાયર ઓફિસર મહેશ મોડને સસ્પેન્ડ કર્યા

ગાંધીનગર, તા.૩

રૂપીયા પાંચ લાખની લાંચ કેસમાં આખરે ફાયર ઓફિસર મહેશ મોડને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. એસીબી દ્વારા લાંચ મુદ્દે ધરપકડ કરાયેલા મહેશ મોડની સામે ખાતાકીય તપાસ ભાગરુપે તેમને સસ્પેન્ડ કર્યા છે.જયારે એસીબીને રિમાન્ડ દરમિયાન લાંચને લગતા અનેક પુરાવા હાથ લાગ્યા છે. જયારે મહેશ મોડના સાળા કમલદાન ગઢવીની કોલ ડીટેઈલ અને અન્ય પુરાવાની તપાસ કરાઈ છે. જેમાં અગાઉ પણ કેટલાક વ્યકિતઓ પાસેથી નાણાની લેવડ-દેવડની વિગતો સાંપડતા તપાસ તેજ કરી દેવાઈ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના ફાયર ઓફિસર મહેશ મોડ અને તેમના સાળા કમલદાન ગઢવીને પ્રિ-ફાયર એનઓસી આપવા માટે વ્યવહાર પેટે રૂ.૫ લાખની લાંચ લેતા એસીબીએ આબાદ પકડી પાડ્યા હતા. એસીબીએ રોકડ જપ્ત કરવાની સાથે મહેશ મોડ અને કમલદાન ગઢવીનો મોબાઈલ ફોન તેમજ ઈલેક્ટ્રીક ઉપકરણો પણ જપ્ત કર્યા છે. જયારે બેંક એકાઉન્ટ વિગતો સાથે એકત્ર કરવામાં આવી હતી. જેમાં મહેશ મોડના બે દિવસના રિમાન્ડ દરમિયાન એસીબીને અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે. ફાયર ઓફિસર મહેશ મોડ અને કમલદાન ગઢવી કોઈ નાણાકીય વ્યવહારની વાત હોય તો વોટ્સએપ કોલીંગ કરતા હતા. જયારે કમલદાનના ફોનમાં અનેક બિલ્ડરને કોલ કરાયાની અને વોટસએપ જેવા માધ્યમથી વાતચીત થયાના પુરાવા મળી આવ્યા છે. જેમાં અગાઉ પણ નાણાકીય વ્યવહાર થયા હોવાનું ધ્યાને આવ્યું છે. જેથી એસીબી દ્વારા ફોનને ફોરેન્સીક તપાસમાં મોકલવામાં આવ્યા છે. જેને પગલે એસીબીએ આગળની તપાસ આદરી છે. બેંકમાંથી ફાયર ઓફિસર સહિત પરિવારના સભ્યોના બેંક ખાતાઓની વિગત મંગાવવામાં આવી છે. જયારે બીજીતરફ એસીબીએ અપ્રમાણસર મિલકતની પણ તપાસ શરુ કરી છે.

## કોલવડા ગામે આગમાં ૧૫૦૦ પૂળા બળીને ખાક

ગાંધીનગર, તા.૩

કોલવડા ગામે શોર્ટ સર્કિટને પગલે ભભુકી ઉઠેલી આગની જવાળાઓમાં પતરાના શેડ નીચે મુકેલા ૧૫૦૦ પુળા બળીને રાખ થઈ ગયા હતા. ગાંધીનગર ફાયર બ્રિગ્રેડને કોલ મળતા ફાયર જવાનો તાત્કાલીક પહોંચી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગને પગલે આસપાસ રહેતા ગ્રામજનો પણ ભયભીત બન્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર કોલવડા ગામે રહેતા વિષ્ણુભાઈ નારણભાઈ પટેલના ઘરની પાસે પશુઓ માટે પુળા રાખવા માટે પતરાનો શેડ બનાવ્યો છે. આ શેડ નીચે ૧૫૦૦ પુળા ગોઠવાયા હતા. પરંતુ અચાનક કોઈ કારણોસર શેડમાં આગ લાગી હતી. જેથી પરિવારના સભ્યો અને ગ્રામજનોએ આગ ઓલવવા માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ ઘાસના પુળા હોવાથી આગની જવાળાઓ દુરદુર સુધી દેખાતી હતી. બનાવની જાણ થતા ફાયર બિગ્રેડના જવાનો આવી પહોચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લઈને આગ વધુ પ્રસરતા અટકાવી હતી. આગ કાબુમાં આવતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.



## આદરજ મોટી ગામે ઈકો કારમાંથી સાયલેન્સરની ચોરી

ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ગામે સુખાજીના પરા ખાતે રહેતા દશરથજી પ્રહલાદજી ઠાકોર (ઉં.૩૭) પરિવાર સાથે રહે છે. ત્યારે ઈકો કાર નં.જી.જે.૧૮. બી.પી.-૪૪૧૩ લઈને ગત ૧ના રોજ ગામમાં ગયો હતો અને ઘર પાસે પાર્ક કરી હતી. જયારે બીજા દિવસે સવારે કામઅર્થે જવાનુ હોવાથી ગાડી સ્ટાર્ટ કરતા અવાજ અલગ આવ્યો હતો. જેથી ગાડીમાં ચેક કરતા નીચે સાયલેન્સર ન હતું. ચોરી અંગે પેથાપુર પોલીસે તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કોલવડા ગામના ગ્રામજનોએ ગામમાં વિકાસ કાર્યો અંગે મ્યુનિસિપલ કમિશનર તેમજ ગુડા સહિત વિવિધ સ્તરે રજૂઆત કરી હતી જેમાં ટીપી ૧૪ અને ૧૫માં પાણીની લાઈન, રોડ-રસ્તા, ગટર વગેરે ઉપરાંત સ્ટ્રીટ લાઈટો સહિતનો સમાવેશ થાય છે. આ રજુઆતમાં મનપા અને ગુડાના અધિકારીઓએ કોલવડા ગામની મુલાકાત લીધી જેના બીજા દિવસે વિકાસ કાર્યો શરૂ કરવામાં આવ્યાં છે જે અંગે રજુઆતકર્તા ગ્રામજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

## ગાંધીનગરની જ્યોતિ પેથોલોજી ડાયગ્નોસ્ટિક્સને એનએબીએલ આઈએસઓ-૧૫૧૮૯નું પ્રમાણપત્ર

ગાંધીનગર તા.૦૩

ગાંધીનગરની જ્યોતિ પેથોલોજી ડાયગ્નોસ્ટિક્સ મેં એનએબીએલ આઈએસઓનું પ્રમાણપત્ર મળ્યું છે. લેબોરેટરીના માલિક અને સંચાલક ડૉ.ભૂમિકા રાઠોડના જણાવ્યાં અનુસાર આ પ્રકારનું પ્રમાણપત્ર મેળવનાર જિલ્લાની સર્વ પ્રથમ અને એકમાત્ર લેબોરેટરી છે જેને ભારત સરકાર દ્વારા લેબોરેટરીને ગુણવત્તા માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના કુડાસણ ખાતે ૨૪ કલાક સેવા આપતી જ્યોતિ પેથોલોજી ડાયગ્નોસ્ટિક એ શહેરમાં છેલ્લા એક વર્ષથી કાર્યરત લેબોરેટરી છે જેના સંચાલક ડૉ.ભૂમિકા રાઠોડે લેબોરેટરી શરૂ કરવા સાથે જ એક વર્ષમાં આ સર્વોચ્ચ પ્રમાણપત્ર પ્રાપ્?ત કરવાનું લક્ષ્યાંક રાખ્યું હતું.

આ લક્ષ્યાંકને પ્રાપ્?ત કરવા લેબની સમગ્ર ટીમે અથાગ પ્રયાસો હાથ ધર્યા હતા જેના ફળસ્વરૂપે લેબોરેટરીને પ્રતિષ્ઠિત એનએબીએલ આઈએસઓ-૧૫૧૮૯નું પ્રમાણપત્ર પ્રાપ્ત થવાં પામ્યું હતું. "આ પ્રમાણપત્ર ભારત સરકાર દ્વારા અપાતું સર્વોચ્ચ પ્રમાણપત્ર છે જેને પ્રાપ્?ત કરવા લેબોરેટરીએ વિવિધ લેવલની કસોટીઓ પાસ કરવી છે તેમજ રાષ્ટ્રીય કક્ષાની લેબોરેટરી સાથે કાર્યક્ષમતાની સરખામણી કરવી પડે છે. અત્યાધુનિક મશીનો અને અનુભવી ટેકનિશિયન્સ સાથેનો સ્ટાફ જ્યોતિ પેથોલોજી ડાયગ્નોસ્ટિક્સ પાટનગરની જનતા માટે આ જ રીતે કાર્યરત રહેશે" તેવું ડૉ.ભૂમિકા રાઠોડે જણાવ્યું હતું.






## આલમપુર ગામનું ગૌરવ

ગાંધીનગર તાલુકાના આલમપુર ગામના રહેવાસી ૩૮ વર્ષીય યુવા સૈનિક સોલંકી શૈલેષકુમાર રમતુજી હાલ પંજાબ ફિરોજપુર ખાતે આર્મીમાં છેલ્લા ૧૯ વર્ષથી વિવિધ રાજ્યોમાં સેવાબજાવી રહ્યા છે. સૌ પ્રથમ મહારાષ્ટ્રમાં અહમદનગર ખાતે દોઢ વર્ષ ટ્રેનીંગ લીધી હતી. ત્યારબાદ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે પોસ્ટીંગ થયું હતું. આ દરમ્યાન તેઓએ રાજસ્થાન-સુરજગઢ, પંજાબ-અમૃતસર, જમ્મુ કાશ્મીર-બાંદીપુર, હરિયાણા ચાર વર્ષ બાદ હાલ પંજાબના ફિરોજપુર સેવા બજાવી રહ્યા છે. યુવા સૈનિક આર્મીમાં શૈલેષકુમારે ત્રીજું પ્રમોશન પ્રાપ્ત કરી હવાલદાર તરીકે વિશિષ્ટ સેવા બજાવવા બદલ સૌ મિત્રમંડળ તેમજ આલમપુર ગામ અને સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદનને પાત્ર બન્યા છે.

## SC-STના વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા ૨.૫ થી વધારીને ૮ લાખ રૂપિયા કરવાની માંગ

ગાંધીનગર કલેક્ટરને આજ રોજ ડૉ. ગુલાબચંદ પટેલ અધ્યક્ષ ગાંધીનગર જિલ્લા દલિત સેના, બાબુભાઈ મેસર વાલા સચિવ ગુજરાત પ્રદેશ દલિત સેના અને ઈશ્વરભાઈ પરમાર સામાજિક કાર્યકર દ્વારા અનુસૂચિત જાતિ અને અનુ સૂચિત જન જાતિ ના વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા ૨.૫ થી વધારીને ૮ લાખ રૃપિયા કરવા માટે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. અનુસૂચિત જાતિ અને અનુ સૂચિત જનજાતિ વિધાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અધ વચ્ચે થી છોડી દે છે તેઓ આગળ અભ્યાસ કરી શકતાં નથી તેથી આવક મર્યાદા ૨.૫ થી વધારીને ૮ લાખ રૂપિયા કરવા માટે વિનંતી કરવામાં આવી હતી.



કલોલ તાલુકાના સોજા ગામે પાણીના નવા બોરની જરૂરિયાત ઉભી થતાં સરકારમાંથી તે મંજૂર કરાતાં જિલ્લા ભાજપ પ્રમુખ અનિલ પટેલે તેની ખાતવિધિ કરી હતી. આ પ્રસંગે પૂર્વ સદસ્ય જયેશ ચૌધરી અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## અક્ષર પટેલને પણ કોરોના, ટીમની સાથે જોડાયો નથી

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાનારી વન ડે સિરિઝ માટે બંને ટીમો અમદાવાદ પહોંચી ગઈ છે પણ તેના પર કોરોનાનુ ગ્રહણ લાગી ગયુ છે. ભારતીય ટીમના ચાર ક્રિકેટરોને ગઈકાલે કોરોના હોવાનુ બહાર આવ્યુ હતુ અને હવે ટીમનો ઓલરાઉન્ડર અને ગુજ્જુ ક્રિકેટર અક્ષર પટેલ પણ કોરોનાથી સંક્રમિત થયો છે. જોકે તે હજી ટીમ સાથે નથી જોડાયો અને અમદાવાદ ખાતે આવેલા પોતાના ઘરે છે. બુધવારે ભારતીય ટીમના ચાર ખેલાડીઓ શિખર ધવન, રુતુરાજ ગાયકવાડ, શ્રેયસ ઐયર, નવદીપ સૈની તેમજ ટીમ સ્ટાફના બીજા ત્રણ સભ્યોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

## પીડીપીયુ માર્ગ પર સ્વીફટ કારની ટક્કરે એકટીવાચાલક યુવકને ઈજા

ગાંધીનગર, તા.૩

ભાઈજીપુરા પાટીયાથી પીડીપીયુ રોડ પર યુવક એકટીવા લઈ જઈ રહ્યો હતો તે સમયે સામેથી સ્વીફટ ડીઝાયર કારે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવકને માથામાં અને ચહેરાના ભાગે તેમજ જમણા પગે ઈજા પહોંચતા સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ વાસણા ધરણીધર વિસ્તારમાં ગણેશકુંજ સોસાયટી એ-૮-૧૧ ખાતે રહેતા પાર્થ ભરતભાઈ શાહ (ઉં.૩૧) ગાંધીનગર ગીફટસીટી ટાવર -૧ ખાતે બરોડા ગ્લોબલ શેયર્ડ સર્વિસેઝ લીમીટેડમાં એકાઉન્ટ એકઝક્યુટીવ તરીકે છેલ્લા અઢી વર્ષથી ફરજ બજાવે છે. પાર્થ નોકરી પર આવન જાવન માટે એકટીવા નં. જી.જે.૦૧. એન. એમ.-૩૮૧૮નો ઉપયોગ કરે છે. ત્યારે ગત તા.૩૦ નવેમ્બરના રોજ સવારના સમયે ગીફટસીટી રોડ પર નોકરી પર જઈ રહ્યા હતા. તે સમયે સામેથી આવી રહેલી સ્વીફટ ડીઝાયર ગાડી નં.જી.જે.૧૮. બી.જે-૫૨૦૬ ના ચાલકે સામેથી એકટીવાને જમણીબાજુએ ટકકર મારી હતી. જેથી યુવક માર્ગ પર પટકાતા માથાના, ચહેરાના ભાગે તેમજ પગે ઈજાઓ પહોંચી હતી. યુવકને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ આદરી છે.

# પેપરમીલમાં પાર્ટનરની લાલચ આપી ૩૦ લાખનું ફુલેકું ફેરવ્યું

**મહિલાને પેપરમીલમાં ભાગીદારની લાલચ આપી દંપત્તિએ ૩૦ લાખનું ફેલકું ફેરવ્યું : વિવિધ બેંકમાંથી ૨૧.૨૨ લાખની પતિના નામે લોન લીધી, જ્યારે ૪ લાખની ગોલ્ડ લોન લીધી**

ન્યું ગાંધીનગર સરગાસણ વિસ્તારમાં રહેતી રીઅલ એસ્ટેટ બ્રોકરનું કામ કરતી મહિલાને પેપરમીલમાં ભાગીદાર બનાવવાના રંગીન સપના દેખાડી દંપતિએ રૂ.૩૦ લાખનું ઉઠમણું કરી દીધુ છે.જયારે મહિલાએ દંપતિ પાસે રૂપીયાની ઉઘરાણી કરતા દંપતિએ મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપતા આખરે મહિલાએ ઈન્ફોસીટી પોલીસ મથકે દંપતિ સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગર સરગાસણ વિસ્તારમાં આવેલા સંગાથ ટેરેસ ફલેટ નં. સી.-૫૦૩ ખાતે રહેતા મેઘા વિવેક દાનાવાલા રિયલ એસ્ટેટ બ્રોકરનો વ્યવસાય કરે છે. જયારે તેમના પતિ આઈટી કંપનીમાં ફરજ બજાવે છે. વર્ષ ૨૦૧૯માં મેઘાબહેન કુડાસણ ખાતે હિમાંશુ ચંદ્રાણીની ઓફિસમાં મકાન લે-વેચની ઈન્કવાયરી ફોલોઅપ કરવાનું કામગીરી કરતા હતા. તે સમયે સુભાષ જટાશંકર જોશી (રહે. રાધે એમ્પાયર સી.૫૦૩ કુડાસણ)ભાડાના ફલેટની ઈન્કવાયરી અંગે ફરીયાદીને મળ્યો હતો. ત્યારબાદ ફલેટ માટે વારંવાર ઓફિસ પણ આવન જાવન કરતા હતા. જેથી ફરીયાદીએ મોબાઈલ નંબર આવતા વાતચીત થતી હતી. જયારે સુભાષ જોશીએ કહ્યું કે હું શ્રધ્ધા ફાયનાન્સનું કામ કરુ છુ. અને મારે બેંકો સાથે ટાઈઅપ છે જેથી જરુરીયાતમંદોને લોન આપવાનું કામ કરુ છું. અહી કરતા વધારે પગાર આપીશ નોકરી આવી જા. જેથી ફરીયાદી મકાન લે-વેચની ઓફિસમાંથી નોકરી છોડીને શ્રદ્ધા ફાયનાન્સમાં નોકરીની શરુઆત કરી હતી. આ દરમિયાન મેઘાએ પોતાના પતિ માટે પણ સારી નોકરી હોવાની વાત કરતા સુભાષે પોતે પેપર મીલ ખોલવાનો હોવાની વાત કરી હતી.તેમાં મેઘાને ભાગીદાર બનાવી તેમના પતિને સારી પોસ્ટ પર નોકરી આપવાની વાત કરીને રૂ.૩૦ લાખની માંગ કરી હતી. પરંતુ મેઘા પાસે એટલા રૂપીયા ન હોવાથી પતિના નામે વિવિધ બેંકમાંથી પર્સનલ લોન લઈ રૂ.૨૨ લાખ એકઠા કર્યા હતા.ત્યારબાદ તે ઠગ દંપતિના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ સમય જતા સુભાષે તેન પત્ની બીના અને પેપર મીલના માલિક તરીકે અધ્યાયરૂ નામની વ્યકિત અને વકીલ તરીકે જયપાલસિંહ સાથે પરિચય કરાવ્યો હતો. તેઓએ રૂ.૩૦ લાખ ઝડપી પુરા કરી દો કહી મિલના કાગળો કરવાની વાત કરી હતી. જેથી ફરીયાદીએ ગોલ્ડ લોન લઈને રૂ.૮ લાખ દંપતિને આપ્યા હતા. પરંતુ આજદિન પેપરમીલ કે આપેલા ત્રીસ લાખ રૂપીયા ન આપતા મેઘા બહેને ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા પંચાયત વિભાગની ભરતીમાં 10% EWS અનામતનો સમાવેશ કરવાની માંગ

ગાંધીનગર, તા.૩

પંચાયત વિભાગની ભરતીમાં સરકાર દ્વારા જે જિલ્લા કેડર ની ગણતરી કરીને રોસ્ટર મુજબ ભરતી કરવામાં આવે છે જેને રાજય સ્તરે આવરી લઈને આ ભરતીને રાજયકક્ષાની જગ્યા ગણીને ભરતી કરવામાં આવે તો દરેક સમાજના ભાઈઓ અને બહેનોને ફાયદો થાય અને લાભ મળે. પંચાયત ભરતીમાં જિલ્લા કક્ષાએ જગ્યા ઓછી હોવાના કારણે સમાજને કેટલાક વર્ગને નુકશાન થઈ રહ્યું છે અને જ્યારે સરકાર વન નેશન વન ટેકસની વાત કરી રહ્યું છે ત્યારે આ કક્ષાને જિલ્લા સ્તરેથી લઈને રાજય સ્તરે કરવામાં આવે જેથી સમાજના દરેક વર્ગને આવનારી ભરતી માં અન્યાય ના થાય તેવી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ(રાજયકક્ષા) દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ૨૦૧૯માં ભારત સરકારના બંધારણીય જોગવાઈઓ મુજબ ૧૦% ઈડબલ્યુએસની ગણતરીને પણ જિલ્લા સ્તર ની ભરતી ગણવાથી નુકસાન થઈ રહ્યું છે. જેથી સમાજ વતી રજૂઆત ધ્યાને લેવા વિનંતી કરવામાં આવી હતી. હાલની ૨૦૨૨ ની ભરતી તેમજ ભવિષ્યની તમામ ભરતી માં ઉપરની અમલવારી કરવા રજૂઆત અને માંગણી કરવામાં આવી હતી.

**ટચુકડી**
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## કેનાલમાં યુવકને શોધતી ફાયર ટીમે મહિલાનો જીવ બચાવ્યો

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલી અડાલજ નર્મદા કેનાલ ખાતે ગતરોજ ડુબેલા કોલવડાના યુવકની શોધખોળ ચાલી રહી હતી. તે દરમિયાન સુઘડ કેનાલમાં મહિલા પડી હોવાની જાણ થતા ફાયર જવાનોએ મહિલાને હેમખેમ બહાર નીકાળી હતી. કોલવડાના યુવકે અડાલજ કેનાલ ખાતે કુદકો માર્યો હોવાની જાણ થતા ગતરોજ ગાંધીનગર ફાયર ટીમના જવાનોએ કેનાલમાં શોધખોળ કરી હતી. પરંતુ સાંજના સમયે અંધકારને પગલે ટીમ પરત ફરી હતી. ત્યારબાદ સવારે ફરીવાર ટીમે કેનાલમાં શોધવાની કામગીરી શરુ કરી હતી. તે સમયે સુઘડ કેનાલ ખાતે મહિલા કેનાલમાં પડી હોવાની જાણ થતા ટીમના સભ્યો તાત્કાલીક કેનાલ ખાતે દોડી ગયા હતા અને મહિલાને કેનાલમાંથી હેમખેમ બહાર નીકાળી હતી.

## ખૂણેખાંચરેથી

- વિદ્યાસહાયકની ભરતી માટેના ફોર્મ ગાંધીનગર જિલ્લામાં બી.આર.સી.ભવન, સે. ૧૨ ખાતે ૭મી ફેબ્રુઆરીથી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન સ્વીકારવામાં આવશે.
- હેડ ક્લાર્કની રદ થયેલી પરીક્ષા ૨૦ માર્ચે લેવાની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે જાહેરાત કરી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામની દરખાસ્તો માટે ૪ અધિકારીઓનો જવાબદારી સોંપી દરખાસ્તની ચકાસણી સહિતની કામગીરી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ હુકમો કર્યા છે.
- દહેગામમાં ધોળા દિવસે કારખાનેદારની ગાડીના કાચ તોડી રૂ. ૨.૭૦ લાખની ઉઠાંતરીના બનાવે શહેરભરમાં ચકચાર મચાવી દીધી છે.
- કલોલ, દહેગામ, માલપુર, ઈડર, તલોદ, ભિલોડાની અદાલતોમાં દિવ્યાંગ વ્યક્તિ સુગમતાથી પ્રવેશ કરી શકે તે માટે વ્યવસ્થાઓ ઉભી કરવા સરકારે રૂ. ૫૧.૬૭ લાખની રકમ મંજૂર કરી છે.
- ગાંધીનગર જિલ્લા ભાજપ મહિલા મોરચાની આજે મળેલ બેઠકમાં માઈક્રોડોનેશન, સૂપોષણ અભિયાન આત્મનિર્ભર અર્થવ્યવસ્થા સંદર્ભે ચર્ચાઓ કરી આ માટે આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- જિલ્લા ભાજપ પ્રમુખે કલોલ તાલુકા અને કલોલ વિધાનસભા મત વિસ્તાર માટે અલગ-અલગ ટીમો બનાવી તેના હોદ્દેદારોની જાહેરાત કરી છે.
- કોલવડા આયુર્વેદ હોસ્પિટલે મનપા આયોજીત સ્વચ્છતા સ્પર્ધામાં સ્વચ્છ હોસ્પિટલ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવતાં ''ટીમ હોસ્પિટલ''નો અભિનંદનોની વર્ષા થઈ રહી છે.
- રાજ્ય સરકારે ૩૭ ઉપ સચિવોની બદલીના હુકમો આજે કરવામાં આવ્યા છે.

## તારાપુર ગામની સીમમાં આવેલી ઓરીજીન હાઈટ્સ પાસેથી જીપડાલાની ચોરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા તારાપુર ગામની સીમમાં ઓરીજીન હાઈટ્સની પાછળ ગુડાના પ્લોટમાં બનાવેલા છાપરાની સામેથી જીપડાલાની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના છરછોડા ગામના અને હાલ તારાપુર ગામની સીમ ખાતે ગુડાના પ્લોટમાં કાચા છાપરામાં છેલ્લા બે વર્ષથી રહેતા કમલેશભાઈ નવસિંગભાઈ ભાભોર ઓરીજીન હાઈટ્સ વિહાન નિર્માણની સામે મજુરી કામ કરે છે અને કમલેશભાઈ તેમની માલિકીનું જી.જે.૨૦.વી.-૯૭૩૯ જીપડાલાનો ઉપયોગ મજુરી કામ માટે કરતો હતો. ગત તા.૩૧ જાન્યુઆરીના રોજ રાત્રીના ૯.૩૦ કલાકે જીપ ડાલુ મારા છાપરા આગળ પાર્ક કરીને સુઈ ગયા હતા. તા.૧ ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે ઉઠીને જોયુ તો પીકઅપ ડાલુ ગાયબ હતું. જીપડાલાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ જીપડાલુ મળી ન આવતા આખરે રૂ.૫ લાખના જીપડાલાની ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.